સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

વાત કરે વિકાસની જીભે, હૃદયમાં વેર છે,
વાત કરે સૌના સાથની કૃત્યામાં કેર છે,
ફેર છે વાણી ને અસહિષ્ણુ આચરણમાં -
જીહ્વાથી ઝરે મધ, નજરે નકરું ઝેર છે...
(બદલાની વૈર ભાવના)

હાઈકુ

બોલાય બોલી
જીવંત સામાનની -
થશે હરાજી!
(આઈપીએલ બજાર)

થશે લીલામ -
ક્રિકેટ-બજારમાં -
ગુલામ જેમ...
(રેસના ઘોડા)

ચિંતન

ન વ્યસન પરસ્ત કાર્યવ્યાસિઃ ॥

જે વ્યક્તિ વ્યસન પરસ્ત છે. વ્યસનને વશ છે તેને કોઈ પણ ક્ષેત્રમાં કદી પણ - કાર્યસિદ્ધિ પ્રાપ્ત થતી નથી. સફળતા સાંપડતી નથી.

વ્યસનની ને પોતાના મન પર અને મક્કમ નિર્ણય પર કાબૂ રહેતો નથી તે પરવશ બની કોઈ પણ સંજોગ-પરિસ્થિતિ-વાતાવરણનું ભાન રાખ્યા વિના વ્યસનને વશ થઈ પોતાના વિચાર-વાણી વર્તન પરથી કાબૂ ગુમાવે છે.

મારા જ પરિવારનો ઉગતો યુવાન 'શાસ્ત્રી'ની સંસ્કૃત પદ્વી ધારણ કરી હતી. વકતૃત્વનું વરદાન હતું. પણ 'પાઠશાળા'માં કુસંગે ચઢી ગયો અને દારૂનું વ્યસન થઈ ગયું. કથાની વ્યાસપીઠ પર બેસતાં પણ વ્યસન તેના પર હામી થઈ જાય. પરિણામે સારા વિદ્વાન કથાકારનું પતન થયું.

આજનો વિદ્યાર્થી - ડ્રગ-ચા-પાન-મસાલા-બીડી જેવાં વ્યસને ચઢી પતનને માર્ગે પ્રયાણ કરે છે.

સુવિચાર

- માણસ પારખવા રહીશું તો એમને ચાહવાનો સમય જ બાકી નહીં રહે - **શેખ સાદી**
- તમે તળીયે પછડાયા પછી કેટલાં ઊંચે ઊઠો છો
  તે તમારી સફળતાની પારાશીશી છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મુર્ખ સુખને દૂર દૂર શોધવા જશે
  જયારે બુદ્ધિમાન મનુષ્ય તો સુખ પોતાના પગ નીચેથી પેદા કરશે - **રજનીશ**
- જે સત્યની આપણે શોધ કરી રહ્યા છીએ
  તે પ્રેમ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિથી બનેલું છે - **ઉપનિષદ**
- માનવી પ્રથમ સંકલ્પ કરે છે પછી સંકલ્પ માણસનું જીવન ઘડતર કરે છે - **નેપોલિયન**
- જેની પાસે કોઈ વસ્તુ ન હોવા છતાં પણ બધી જ વસ્તુ તેની પાસે હોય
  તેવો સંતોષ જેની જોડે છે તે જ સાંચો સંત છે - **એકનાથ**

● **આજનું ઔષધ : ગોળ, ફુદીનો અને આદુ સરખા ભાગે લઈ ઉકાળો બનાવી પીવાથી શરદી મટે છે**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

કેટલાંક લોકો એવાં હોય છે કે એમને કયું કામ કયારે કરવું, કયું કામ કેટલું મહત્ત્વનું છે એની પણ ખબર નથી હોતી. પોતાની મરજી મુજબ કામની અગ્રતાના ક્રમ નક્કી કરે અને પોતે કંઈક શ્રેષ્ઠ કર્યાનો સંતોષ મેળવે...

એક પુત્રએ ઓફિસમાંથી પોતાની માને ફોન કર્યો. મા, આજે મારે માટે ઉત્તમ દિવસ છે. મારા ડિરેકટરે પોતાની સાથે, એની ગાડીમાં જ એને ઘેર ડિનરમાં આવવા આમંત્રણ આપ્યું છે. એટલે રાત્રે જમવામાં મારી રાહ ન જોતી.

માએ કંઈ ઉપ ઉત્સાહ-અભિનંદન આપ્યા વિના સામેથી કહ્યું, એમ! આજે મારે પણ ખૂબ સારો દિવસ છે. પુત્રએ પૂચ્યું, કેમ શું થયું?!

મા કહે, કેટલાય સમયથી આપણા ઘરનું ભોંયરું સાફ થતું ન હતું. આજે તો ખૂબ મહેનત કરી આખું સાફ કરી નાખ્યું!

માએ ફોન પછડાયાનો અવાજ સાંભળ્યો.

સીબીઆઈની વિશ્વસનીયતા વિવાદાસ્પદ

તંત્રીસ્થાનેથી....

દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલના પ્રિન્સિપલ સેક્રેટરી રાજેન્દ્રકુમારની ઑફિસ પર સીબીઆઈ દ્વારા ઓચિંતા દરોડા પાડવામાં આવ્યા એ ઘટનાએ કેજરીવાલ અને મોદી વચ્ચેના ભારેલા અગ્નિ જેવા વૈમનસ્યને પ્રજવલિત કરી દીધું છે. દિલ્હીના મુખ્યમંત્રીએ એને પોતાના ઉપર જ દરોડા પાડવામાં આવ્યા છે એવું ગણાવી બહુ જ કડક અને ગેરબંધારણીય ભાષામાં વડાપ્રધાન સામે આકોશ ઠાલવ્યો છે. સીબીઆઈ કહે છે કે અમારા દરોડા એક સરકારી અધિકારી સામે ચાલી રહેલી તપાસ સંદર્ભે હતા. અમે મુખ્યમંત્રીના કાર્યાલયમાં પ્રવેશ જ નથી કર્યો. દિલ્હીના મુખ્યમંત્રી અને ઉપમુખ્યમંત્રી સીબીઆઈ કે કેન્દ્ર સરકારનો આવો ખુલાસો માનવા તૈયાર નથી. પ્રિન્સિપલ સેક્રેટરી સામેની તપાસ કેજરીવાલ શાસન પૂર્વેની છે, વળી એ વખતે તેઓ શીલા દિક્ષીત સરકારના શિક્ષણ સચિવ હતા. એમણે કોઈ સૉફ્ટવેર કંપનીને મોટા કોન્ટ્રાક્ટ આપી દઈ ફાયદો કરાવ્યો હોવાની ફરિયાદ અન્વયે તપાસ ચાલે છે. એથી તત્કાલિન શિક્ષણ સચિવ રાજેન્દ્ર કુમારની ફાઈલો તપાસવી હતી તો સીબીઆઈએ શિક્ષણ વિભાગ પર દરોડા પાડવાની જરુર હતી, એને બદલે મુખ્યમંત્રી કાર્યાલયને અડોઅડ આવેલ પ્રિન્સિપલ સેક્રેટરીની ફાઈલો તપાસવાનું અને વર્તમાન સરકારની ગોપનીય કાર્યવાહીની જાણકારી મેળવવાનું 'કાવતરું' સ્વાભાવિક રીતે જ કેજરીવાલના પુણ્યપ્રકોપનું કારણ બન્યું છે. સીબીઆઈની સ્વતંત્રતા કે સવાયત્તતા હરહંમેશ વિવાદનો મુદ્દો રહી છે. સીબીઆઈ સીધી જ વડાપ્રધાન હસ્તકની તપાસ એજન્સી ગણાય છે. એનો રાજકીય કારણોસર દુરુપયોગ થતો રહ્યો છે. જયારે પણ વિરોધીનું મોઢું બંધ કરવું હોય ત્યારે કેન્દ્ર સીબીઆઈ નામના આ ડાઘિયાને છૂટો મૂકી દે છે. સુપ્રીમ કોર્ટે સીબીઆઈને સરકારનો પાળેલો પોપટ કહી એની વિશ્વસનીયતા સામે શંકા વ્યક્ત કરી હતી તે યાદ કરાવવાની જરુર ખરી? અગાઉની સરકારમાં સીબીઆઈ કોંગ્રેસનો પોપટ હતી, છેલ્લાં દોઢ વરસથી તે મોદી સરકારની કહ્યાગરી એજન્સી બની રહી છે. બિહારમાં મહાગઠબંધનને રચાતું જ અટકાવવા માટે સીબીઆઈનો ઉપોયગ થયો હોવાનું સુવિદિત છે. મહાગઠબંધનના સર્વોચ્ચ નેતા તરીકે મુલાયમસિંહની વરણી થઈ ગયા પછી ખરા સમયે મુસાયમસિંહે જ પોતાની જાતને એનાથી અળગી કરી દીધી હતી. કહેવાય છે કે આ મોદીનો માસ્ટરસ્ટ્રોક હતો. એમણે મહાગઠબંધનના મુખ્ય સૂત્રધારને જ એમાંથી અળગો કરી દીધો હતો. જો કે પ્રજાની કોઠાસૂઝ આગળ આવા 'માસ્ટર સ્ટ્રોક' પાંગળા સાબિત થાય છે, તે બિહારમાં ચૂંટણી પરિણામોએ બતાવી દીધું છે. મમતા બેનરજી, માયાવતી અને જયલલિતા જેવી સમર્થ રાજકીય હસ્તીઓ સામે સીબીઆઈનું શસ્ત્ર વારંવાર ઉગામાતું રહ્યું છે. એ ફક્ત વખત પૂરતો ડર બતાવવા માટેનું હથિયાર બની ગયું છે. જે અપેક્ષાઓ સાથે એક તટસ્થ એજન્સી તરીકે એની સ્થાપના કરાઈ હતી, તે સદંતર નિષ્ફળ નીવડી છે. ખુદ મોદી પણ સીબીઆઈની તપાસનો સામનો કરી ચૂક્યા છે. કેજરીવાલે અગાઉ ભ્રષ્ટાચારી મંત્રી અને અધિકારીઓને જાતે જ દૂર કરવાનું હિંમતભર્યું પગલું ભરેલું છે, પરંતુ રાજેન્દ્રકુમાર એમના વિશ્વાસુ માણસ હોઈ એમને છાવરતા હોય એમ લાગે છે. સીબીઆઈએ અદાલતનું વોરંટ મેળવ્યા પછી રાજેન્દ્રકુમારના કાર્યાલય સહિત બીજી જગ્યાઓ પર છાપા માર્યા છે. સીબીઆઈ સાચી કે કેજરીવાલ - તે નક્કી કરવું મુશ્કેલ છે. છેવટે તો કાગડા બધે જ કાળા છે!

ગોદંતી ભસ્મ

પહેલું સુખ તે જાતે નર્યા
ડો. કેદાર ઉપાધ્યાય

આજકાલ વિટામીન ડી-૩ અને વિટામીન બી-૧૨ બહુ ચર્ચામાં છે. દસમાંથી આઠ જણાને આની ઉણપ હોય, અને તેના ઈન્જેકશન્સ કે દવાઓ ફાંકવાનું રૂટીન ચાલુ જ હોય. આ હજુ પૂરતું ન હોય તેમ કેલ્શિયમની ઉણપ પણ દેખા દે, (ઓસ્ટીઓપોરોસીસ - હાડકા પોલા થઈ જવા આદિ આદિ...) એટલે વળી તેની દવાઓ ચાલુ. ચાલીસી વટાવ્યા પછી આ બધી દવાઓ જાણે કે આપણી રોજનીશીનો ભાગ થઈ જાય (ડાયાબીટીસ-બીપી-થાઈરોઈડની ટીકડા તો અલગથી...)

મારા દવાખાને ઘણા દર્દીઓ આવીને પુછે કે સાહેબ નેરચલી કેલ્શિયમ મળે એવી દેસી દવા આપોને... ત્યારે મારો એક જ જવાબ હોય કે ગોદંતી લઈ લો... આ ગોદંતી એટલે આયુર્વેદનું નેચરલ કેલ્શિયમ. સસ્તામાં સિદ્ધપુરની જાત્રા. તેને ચિરોડી પણ કહેવાય. ગાંધીને ત્યાં તેને ધાણપ કે ધાપાણ પણ કહે છે. આ ગોદંતીનું રાસાયણિક નામ કેલ્શિયમ ગંધકનું સંયોજન છે. (ગંધકના જે ચા પ્રકારો છે તેમાનો સફેદ ગંધક એ કદાચ ગોદંતી હોય એવું બાપાલાલ વૈદ્ય નોંધે છે.)

બાળકો માટે પણ ગોદંતી ભસ્મ ખૂબ ઉપયોગી ઔષધ છે, બાળકોના વિકાસ માટે કેલ્શિયમ જરુરી છે, ગોદંતીનો નિયમિત તેમજ માત્રાપૂર્વક ઉપયોગ બાળકોના શરીરમાં જરુરી કેલ્શિયમની આપૂર્તિ કરે છે અને બાળકોનો સર્વાંગી વિકાસ થાય છે

જયારે આપણે ભસ્મની વાત કરીએ ત્યારે મોટા ભાગની ભસ્મ પ્રકૃતિમાં ગરમ અને ઉષ્ણવીર્ય વાળી જણાય છે. ગોદંતી તેમા અપવાદ છે. ગોદંતીની ભસ્મ કરવી હોય તો ગોદંતીના પથ્થરને ધોઈ સુકવી ને તાવડી પર મુકી તેના પર બીજી તાવડી ઢાંકવી. તેને ૧૫૦ છાણાનો અગ્નિ આપવો (ગજપુટ). ઠંડુ થયા પછી ખરલમાં કાઢી બે વખત કુવારપાઠાના રસમાં ચોળીને સુકવવું (ભાવના આપવી). તૈયાર થઈ ગઈ ગોદંતી ભસ્મ.

ગોદંતી ભસ્મમાં નેચરલ કેલ્શિયમ તો છે જ ઉપરાંત તે શ્રેષ્ઠ પિત્તશામક છે. તે લોહીની ગરમીને દૂર કરે છે. શરીરનો તાવ, શરીરની ગરમી, ઉધરસ આદિને દૂર કરે છે. દરેક પ્રકારના શિરઃશૂલ એટલે કે માથાના દુખાવામાં ગોદંતી રામબાણ ઈલાજ છે. એમાંય જયારે ગરમીને કારણે (પિત્તને કારણે) માથું દુઃખતું હોય ત્યારે ગોદંતી ભશ્મને ગળો અને ગુલકંદ સાથે આપવાથી ખૂબ સારી અસર જોવા મળે છે.

ગોદંતી ભસ્મ રક્તપિત્ત પર પણ ખૂબ અસરકારક છે. નસકોરી ફૂટવી, ઝાડા વાટે લોહી પડવું. આદિ કિસ્સાઓમાં ગોદંતી ભસ્મ ખૂબ ફાયદાકારક છે. ટી.બી.કે છાતીમાં લોહી પડતું હોય, છાતીમાં ચાંદુ પડી ગયેલ હોય મોટી ઉધરસ આવી હોય તેવા કિસ્સાઓમાં ગોદંતી અને અરડૂસીનો રસ સાથે આપવાથી રાહત જણાય છે. સ્ત્રી રોગોમાં માસિક ખૂબ વધુ આવતું હોય તેવી સમસ્યાઓમાં પણ ગોદંતી ખૂબ અસરકારક છે.

બાળકો માટે પણ ગોદંતી ભસ્મ ખૂબ ઉપયોગી ઔષધ છે. બાળકોના વિકાસ માટે કેલ્શિયમ જરુરી છે. ગોદંતીનો નિયમિત તેમજ માત્રાપૂર્વક ઉપયોગ બાળકોના શરીરમાં જરુરી કેલ્શિયમની આપૂર્તિ કરે છે અને બાળકોનો સર્વાંગી વિકાસ થાય છે.

આમ, ગોદંતી મલ્ટી ટેલેન્ટેડ છે. પિત્તને લગતા લગભગ તમામ રોગો (તેમજ રક્તને લગતા રોગો) જેવા કે પિત્ત જવર, માથું તપવું, મગજ ગરમ રહેવું, હાઈ બીપી આદિ તેમજ કોઈ પણ પ્રકારના માથાના દુઃખાવા, બાળકોના રોગો તેમજ કેલ્શિયમની ખામિને લગતા રોગો તથા સ્ત્રીઓને પ્રદર તથા ધાવણને લગતા રોગો આદિમાં ગોદંતીનો ઉપયોગ કરી શકાય. આમ તો ગોદંતી એ નિર્ભયતાપૂર્વક વાપરી શકાય પ્રસૂતાને પણ નિયતમાત્રામાં આપી શકાય. પ્રકૃતિ મુજબની નિયત માત્રાપૂર્વકનો ડોઝ નિયમિત રીતે લેવો જરુરી છે.

શિવજીની ધતૂરો

મનના ઉમંગો
રણછોડ પરમાર

ગાંધીનગર સમાચારમાં મારો પ્રથમ લેખ 'ઉનાળામાં મોગરો' શીર્ષક હેઠળ તા. ૨૮.૦૫.૨૦૧૫ના રોજ પ્રકાશિત થયો એ પછી રંગરંગીન, સૌંદર્યખચિત અને મધમધતા ફૂલોના ઘણા લેખ લખાઈ ગયા. આજની તારીખે પણ હજુ અનેક પુષ્પોના તરેહવાર લેખો મારા મગજમાં ઘુમરાઈ રહ્યા છે. પારિજાત વિષે એક દિવસ લખ્યું હતું પણ એનાથી મારું મન ધરાયું નથી, એની બાબતે હજુ થોડુંક વધારે લખવા કોઈ અદૃશ્ય શક્તિ મને ઉશ્કેરી રહી છે. પણ વાચકમિત્રો એકવિધતાથી ઉબકી ના જાય એ હેતુથી મેં મારા મનને મહાપરાણે દબાવી રાખ્યું છે. અત્યારે સપ્તપર્ણીના પુષ્પો પુરબહારમાં ખીલ્યાં છે અને અનરાધાર વરસી રહ્યા છે, એનાં ફોરા ઝીલવા અને તમારી આંખો સામે ઉછાડવા મન તલપાપડ થઈ રહ્યું છે. કોઈના ધ્યાને નહીં આવતા બાવળનાં પીળાં, સોનેરી કર્ણ બુટ્ટી જેવા ફૂલો વિષે કહેવા માટે કયારનો ય આકુળવ્યાકુળ થઈ રહ્યો છું, પણ એ કયારે કાગળ પર મન પાથરશે, ખબર નથી. રાતરાણી વિષે લખવાનો વિચાર તો પારિજાતવાળા લેખની પાછળ જ લખવાનો હતો. નથી લખાયું તે હકીકત છે. 'આપણા ઘડવૈયા બાંધવ આપણે' વાળી. વાત મારા જેવા ઘણાને અનુકૂળ નહીં આવતી હોય, હશે, ઈશ્વરને ગમ્યું તે ખરું!

મિત્રો, અત્યાર સુધી આપણે જેની વાતો કરી છે તે બધા જ ફૂલો રંગીન, સુંદર અને મહેંકભર્યા છે. મોગરો અને પારિજાત જેવા પુષ્પ રંગીન નથી એ વાત ખરી, પરંતુ સુંદર નથી એવું તો કોઈ કાળે કહી શકાય તેમ નથી. મહેંકમાં એ બધાથી મોખરાની હરોળમાં બિરાજે છે. ફુલોના રુપ, રંગ અને સુગંધની વાત કરતાં કરતાં અમારા એક સાહેબની વાત યાદ આવી જાય છે. દિલીપભાઈ શાહ ઘણી વાર કહેતાં -

ચંપા તુજને તીન ગુન, રુપ, રંગ અરિ બાસ
એક અવગુન ઐસો ભયો, ભંવર ના આવે પાસ.

આટલું કહ્યા પછી દિલીપભાઈ અટકીને અમને પૂછતાં, 'બોલો, ભમરો ચંપા પાસે કેમ નહીં જતો હોય?' અમે બધા માથાં ખંજવાળતા એટલે પછી તેઓ પોતે જ જવાબ કહેતા -

ચંપક વરણી રાધિકા, ભંવર કિશન કો દાસ
ઈસ કારન કે વાસતે, ભંવરના આવે પાસ.

ઉપરની પંક્તિઓ સાંભળ્યે - બહુ વરસો વીતી ગયાં છે, એટલે શબ્દોમાં થોડી આઘાપાછી થઈ ગઈ હોય તો વાચકમિત્રો ક્ષમા કરજો. હા, તો આપણે વાત કરતાં હતાં ફૂલોના રુપ, રંગ અને સુગંધની, પણ આજે આપણે વાત કરવી છે એક રુપ રંગ કે સુગંધ વિહોણા પુષ્પની, જેને આપ સૌ ઓળખો છો - એ છે ધતૂરો.

ધતૂરો જાણે બધા બાગબગીચા બનાવનારાઓથી સાવ ઉપેક્ષિત છે. એને કોઈ વાવતું નથી. અનાયાસે કોઈ ગલગોટાના ટોળામાં ઊગી ગયો હોય તો નકરી ઘૃણાથી ઉખાડીને ફેંકી દે છે. રસ્તાની આજુબાજુ પણ આઘા, કોઈ ઉકરડામાં કે કચરાના ઠગલામાં કે નકામા ઉગેલા ઝાડ ઝાંખરામાં ધતૂરો ઉગી જાય છે એને પાણી પાવા કોઈ નવરું નથી. સાર સંભાળ તો કોણ લેવાનું? ના કોઈ પૂજારી સવારનાં પહોરમાં ટોપલી લઈને એને વીણવા નીકળે, ના કોઈ માળીની સ્ત્રી એના ફૂલની માળા ગુંથે. રુપગર્વિતાઓ એને માથામાં ખોસે પણ ખરી? અપટુડેટ અધિકારીઓની સામે ગોઠવાતી ફૂલદાનીમાં એને જગ્યા કોણ આપે? ના કોઈ રુપ (જોકે સાવ એવું ના કહી શકાય - સાદગી એ સૌંદર્ય છે એ માનનારા કેટલા?) ના કોઈ રંગ (મીઠાના ઢગલા જેવું) કે ના કોઈ સુગંધ (રસના લાલચું ભમરા એની પાસે આવે જ શું કરવા?) વર્ષના ત્રણસો ને ચોસઠ દિવસ એનો કોઈ ભાવ ના પૂછે. એક દિવસ, હા ભાઈ એક દિવસ એના માટે સૂરજ સોનાનો થઈને ઊગે. એ દિવસ દેવોના દેવના શિરે વિરાજે, ત્રણસોને ચોસઠ દિવસોનું સાટું વાળી દે!

'કવિલોક' પ્રકાશન તરફથી હમણાં એક એકલા સોનેટોને કાવ્યસંગ્રહ પ્રગટ થયો છે. તેનું નામ છે - 'ઉરે પરમ ઝંખના' અને કવિ છે દેવેન્દ્ર દવે. નિયમિતપણે કુમાર, કવિલોક અને પરબ વાંચનારાઓને આ નામ સહેજે અજાણ્યું નહીં લાગે. આજકાલ જયારે છંદોબદ્ધ કાનવ્યો લખાતાં ઓછાં શું સાવ ઓછા થઈ ગયા છે. ત્યારે પૂરાં પચ્યાસી સોનેટનો કાવ્યસંગ્રહ બહાર પડે છે તે પોતે જ એક વિરલ ઘટના છે. અહીં રજૂ કરેલું કાવ્ય અર્થસભર તો છે જ પણ એનો અંત ખૂબ જ હૃદયસ્પર્શી છે. ગીત, ગઝલ અને ગદ્યકાવ્યોના વાવાઝોડામાં આવી એક શીતળ મંદ પવનલહરી આવી છે, એની મજા માણો.

ધતૂરો

ના રંગ-ગંધ ધવલોજ્જવલ કાય મારી
વાડે-વને પ્રગટતો ન ઉછેર કાજે
સંભાળ ચીવટ ભરી કરવી પડે કે
સિંચાય વારિ કરમાં લઈ રમ્ય ઝારી
અંબોડલે ન વનિતા અતિ હોંશભેર
ગૂંથે મને! મનેખની અવહેલનામાં
ખૂણે રહી ઉછરતો જઉં આપમેળે -
જાણે અનાથ શિશુ શો અળખો અટૂલો
ક્યાં સ્પર્શ-હર્ષ પમરે? મનમાં વિષાદ
ઘેરી વળે, ન કડવાશ ભરેલ જીવ્યુ
સ્હેજ ટળે, સમસમી ઉરમાં જતો હું
ધીમે રહી પરમ દિવ્ય અવાજ સુણું
મા'દેવને શિર ચઢે બળવાન પૂરો
તું ભાગ્યનો-જનમ ધન્ય ભલે ધતૂરો!

- દેવેન્દ્ર દવે

ધતૂરો જાણે બધા બાગબગીચા બનાવનારાઓથી સાવ ઉપેક્ષિત છે, એને કોઈ વાવતું નથી, અનાયાસે કોઈ ગલગોટાના ટોળામાં ઊગી ગયો હોય તો નકરી ઘૃણાથી ઉખાડીને ફેંકી દે છે, રસ્તાની આજુબાજુ પણ આઘા, કોઈ ઉકરડામાં કે કચરાના ઠગલામાં કે નકામા ઉગેલા ઝાડ ઝાંખરામાં ધતૂરો ઉગી જાય છે એને પાણી પાવા કોઈ નવરું નથી, સાર સંભાળ તો કોણ લેવાનું? ના કોઈ પૂજારી સવારનાં પહોરમાં ટોપલી લઈને એને વીણવા નીકળે, ના કોઈ માળીની સ્ત્રી એના ફૂલની માળા ગુંથે, રુપગર્વિતાઓ એને માથામાં ખોસે પણ ખરી?

જિંદગી એક કર્તવ્ય જ છે, પોતાને ફાળે આવેલી દરેક જવાબદારી દિલ રેડીને નિભાવવામાં જ માનવજીવનની ખરી સાર્થકતા રહેલી છે

લાગણીનો મેળો
રસિક વાળંદ

માણસ થવાની વેદના દિલમાં ભરીને હું,
થાકી ગયો છું ખૂબ મને છેતરીને હું,
કહેવાને આમ કેટલા વર્ષો જતા રહ્યાં,
આવી ગયો છું ત્યાં ને ત્યાં પાછો ફરીને હું
- કૈલાશ પંડિત

'માણસ જોઈએ છે.' આવું લખાણ એક દુકાને વાંચવા મળ્યું. દુકાનદારને તો સહાયક વ્યક્તિ - નોકરના રૂપે માણસ જોઈતો હશે પરંતુ વાસ્તવમાં તો વધતી જતી વસતિમાં 'માણસ' જ ખોવાઈ ગયો છે!

એક દ્રષ્ટાંત યાદ આવે છે, ''એક શેઠની દુકાન આગળ એક ભિક્ષુક પીવા માટે પાણી માગે છે. શેઠે કહ્યું, ''હમણાં બેસ, માણસ આવે એટલે પાણી આપશે.'' પેલા ભિક્ષુકે ઠાવકાઈથી કહ્યું, ''શેઠ! થોડાક સમય માટે તમે માણસ થઈ જાઓ ને!

''ભણેલા માણસો આટલા અભણ કેમ?'' કવિશ્રી સુરેશ દલાલનો નિસાસો સાચે જ યથાર્થ ઠરે છે. ભણતર-ગણતર ને ઘડતરમાં ક્યાંક ચૂક થઈ છે. કેળવણીમાં ક્યાંક કચાશ રહી ગઈ એ સ્વીકારવાનું રહ્યું. ગુણ **(MARKS)** મેળવવાના નાદમાં ગુણ કેળવવાનું જ ભૂલી ગયા. શિક્ષણ આડે માર્ગે ફંટાયાનું જ આ પરિણામ છે.

આજે પદવીધારીઓ, અનુભવીઓ, ખંધા મુત્સદ્દીઓ, કાર્યકુશળ - પાવરધા, ખુશામતખોર, વગ-વસીલાવાળા કે પવન જોઈ પથ બદલનારાઓનો કોઈ તોટો નથી. આ બધા દેખાવે તો રૂડા રૂપાળા માણસ જ છે પરંતુ જયારે માણસાઈની બાદબાકી થઈ જાય ત્યારે માણસ હોવા છતાં માણસ તરીકે મતિ જાય છે. આ માણસાઈ - મનુષ્યત્વની બાદબાકી નારી આંખે ન દેખાય એ તો જાત અનુભવે જ સમજાય એવું આ કડવું સત્ય છે.

સવારથી સાંજ બજાર કે જાહેરજીવનમાં હરતાં ફરતાં અનેકવિધ લોકો કે જેઓ બસ પોતાના ફાયદા માટે બીજાને કઈ રીતે વેતરાવો એની જ ગડમથલમાં પડેલા જોવા મળે છે. મચ્છરને કદી મચ્છરની બીક ન લાગે પરંતુ અહીં તો માણસને માણસથી સંભાળવું પડે- ચેતીને ચાલવું પડે. આ એક વરવી વાસ્તવિકતા માણસાઈના અભાવના ગોબા પડેલા આવા લોકો જથ્થાબંધ હાજરસ્ટોકમાં સર્વત્ર ઉપલબ્ધ થશે જ... પાસે બેઠેલો અપટુડેટ - શુટેડ બુટેડ દેખાતો સજ્જન ખિસ્સાકાતરું હોય પણ ખરો! ભીડ વચાળે ધક્કામારી આગળ વધતો સજ્જન કોઈના પડેલા પૈસા પગમાં દબાવી હળવેથી ગજવામાં મૂકે પણ ખરો... મિત્રવૃંદની હાજરીમાં નિર્લેપભાવે આરોગતા એકલપેટા કોરાધાકોર માણસો... ભણેલા લોકોની આવી હીનવૃત્તિ જોઈને સમસમી જવાય છે.

ફૂલ દેખાવે સોહામણું હોય છે પણ એમાં રહેલી સુવાસ એને સવાયું સાબિત કર છે, એવું જ માણસાઈ વિષે કહી શકાય. ઘણીવાર ઊંચી લાયકાત, વર્ષોનો અનુભવ, વિદ્વત્તા કે આર્થિક સંપન્નતાને ધ્યાનમાં રાખી વ્યક્તિને મૂલવીએ છીએ પરંતુ જયારે આવા માન - મરતબો ધરાવતા ''મોટા'' લોકોનો અપેક્ષા કરતાં ઉલટો અનુભવ થાય ત્યારે એમના વિષે ભારોભાર ટીકા કરવા લાગીએ છીએ. એનો મતલબ એ થયો કે વ્યક્તિમાં બધું જ હોવા છતાં ''કશુંક ખૂટે છે.'' બહારથી મૂલ્યવાન જણાતા લોકો અનુભવે કોડીના પૂરવાર થતા હોય છે.

''હું માનવી માનવ થાઉં તો ઘણું'' - કવિશ્રીની આ પંક્તિ ઘણુંબધું કહી જાય છે. માનવી તરીકે અવતર્યા તો ખરા પરંતુ સાચા માનવ બની જવામાં જ લિજ્જત છે. એ જ જીવનનું સાર્થક્ય!! વ્યક્તિમાં રહેલી ઉણપ એટલે માણસાઈનો અભાવ. એ ખોટને પૂર્વ માંડીએ તો સાચા માણસ થઈ શકાય. આ તો માંહ્યલા સંસ્કાર ખીલવવાની વાત છે. હમણાં વોટ્સએપ પર મેસેજ વાંચ્યો.

''માણસોના પણ દસ્તાવેજ બનાવવા જરૂરી છે.

ઘણીવાર માણસ બહારથી આપનો અને અંદરથી બીજાનો નીકળે છે.''

આમ આજે માણસની વિશ્વસનીયતા પર પ્રશ્નાર્થ છે. એક સમયે વચનબદ્ધતા કે નૈતિક જીવનનિષ્ઠા સમાજની આગવી ઓળખ હતી. પરંતુ કાળક્રમે મૂલ્યો બદલાયાં, વિચાર વહેણ પલટાયું, જીવનદ્રષ્ટિ બદલાઈ છતાં અપવાદરૂપ સાચદિલ ચરિત્રો સમાજ હશે ખરાં, પરંતુ સાવ અલ્પમાત્રામાં સમાજનો મોટાભાગનો વર્ગ જયારે મૂલ્યનિષ્ઠ નૈતિક જીવન જીવે એ અપેક્ષિત છે. આજે તો જાણે માણસાઈનો લીલો દુકાળ સર્જાયો લાગે છે. એટલે જ તો માણસની ગુણગરિમાની ઓળખ માટે વિધવિધ વિશેષણો પ્રયોજીએ છીએ! વાસ્તવમાં માણસ એટલે જ સારાપનો સંપુટ.

દોસ્તો, મળેલું આ માનવજીવન ઈશ્વરની અનુપમ દેણ છે. આ જગતમાં કોઈક ઋણાનુબંધથી વિહરીએ છીએ - વિસ્તરીએ છીએ. જન્મ્યા પછીની પ્રત્યેક ક્ષણને કાળ ગ્રસી રહ્યો છે. મનમાં મોટા થયાનો ઉમળકો છે તો બીજી તરફ પ્રત્યેક ક્ષણ આપણને મૃત્યુ તરફ દોરી રહી છે, ત્યારે શાસ્ત્રવચન મુજબ ''જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ દુઃખદોષાનુદર્શનમ'' - આ બધાનું અનુદર્શન કરવાનું શીખીએ. જીવનનો મર્મ સમજાશે.

માણસ જુનો થતો જાય છે - ને - દુનિયા નિત નવી થતી જાય છે. આ વરવી વાસ્તવિકતા છે. જીવનમાંથી સરકતી ક્ષણોની બાદબાકી થતી રહી છે ત્યારે પ્રાપ્ત પળોને પકડી પકવવાની દક્ષતા કેળવવી જોઈએ. આમ જોઈએ તો જિંદગી એક કર્તવ્ય જ છે. પોતાને ફાળે આવેલી દરેક જવાબદારી દિલ રેડીને નિભાવવામાં જ માનવજીવનની ખરી સાર્થકતા રહેલી છે.

સ્પર્શમણિ -

જિંદગી હસીને હસાવી લો, બે ઘડી સ્નેહમાં વિતાવી લો.
શી ખબર કાલે મળ્યા કે ના મળ્યા આજને પ્રેમથી વધાવી લો
કોઈ પૂછે છે મને કે મિત્ર એટલે શું?
હું કહીશ કે એવો સબંધ કે જેમાં કોઈ તિરાડ પડતી નથી.
કોઈ પૂછે છે મને કે સબંધ એટલે શું?
હું કહીશ કે એ એવો પ્રેમ છે કે જેમાં કોઈ ગેરસમજને સ્થાન નથી.
કોઈ પૂછે છે મને કે પ્રેમ એટલે શું?
હું કહીશ કે જિંદગીની એ એવી રચના છે કે જેમાં ડૂબીશું તો તારી જવાશે.
અને કોઈ પૂછે છે મને કે જંદગી એટલે શું ?
તો હું કહીશ કે સારા મિત્રો, સાચો સબંધ અને નિઃસ્વાર્થ પ્રેમ એટલે જ જિંદગી...

- Rasikvaland1965gmail.com